સેકટરોમાં ડહોળા પાણીનો કકળાટ હજુ ૧૫ દિવસ રહેશે

નર્મદા કેનાલનુ પાણી વધુ ડહોળુ હોવાથી સમસ્યા પેચીદી બની : રહીશોમાં પીવાના પાણીની ગુણવત્તા સામે અનેક સવાલો મંડરાયા : પાણી પીવાલાયક : તંત્ર

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણી ડહોળુ આવતુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. દર વર્ષે વરસાદી દિવસોમાં પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામે છે. ઉપરવાસમાં વધુ વરસાદના લીધે કેનાલમાં પાણીનુ સ્તર ઉંચુ આવે છે .જયારે કેનાલમાંથી આવતુ પાણી વધુ પડતુ જ ડહોળુ હોવાથી સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. જો કે હજુ પાણી ડહોળુ આવવાની સમસ્યા આગામી ૧૫ દિવસ રહેશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી ડહોળા પાણીની સમસ્યા નાગરિકો માટે પરેશાનીનુ કારણ બની છે. ઉપરવાસમાં વધુ પડતા વરસાદના લીધે કેનાલમાં પાણીનો ફોર્સ વધતા તંત્રને મળતો પાણી પુરવઠો વધુ પડતો ડહોળો આવે છે. આવા સંજોગોમાં ડહોળા પાણીની સમસ્યાને ડામવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. શહેરના સેકટરોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે હાલ અંદાજિત ૫૫ થી ૫૮ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જયારે નર્મદા કેનાલનુ પાણી ડહોળુ આવતુ હોવાના લીધે સેકટરોમાં સપ્લાય થતુ પાણી પણ ડહોળાશવાળુ હોય છે. જેના લીધે સ્થાનિકોમાં આ પાણી પીવાલાયક છે કે નહી તે અંગે પણ અનેક સવાલો મંડરાય છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરામાં સપ્લાય થતુ પાણી સંપુર્ણ પીવાલાયક હોય છે. પરંતુ પ્રમાણમાં થોડુ ડહોળુ હોય છે. ઉપરવાસમાં પાણી વધતા કેનાલમાં પાણીનો સપ્લાય વધ્યો છે. જયારે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પણ પર્યાપ્ત નથી. હાલ શહેરના સેકટરોમાં સપ્લાય થતો પાણી પુરવઠો ડહોળો હોવાની સાથે નળમાંથી આવતુ પાણી પીવાલાયક ન હોવાનો સુર પણ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે. ત્યારે સુત્રોના જણાંવ્યા મુજબ ઉપરવાસમાં પાણી વધતા કેનાલમાં પાણીનો ફોર્સ વધ્યો છે. જેના લીધે સેકટરોમાં સપ્લાય થતુ પાણી પણ ડહોળુ આવે છે. ચોમાસા દરમિયાન શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી પાણીની સમસ્યા ઉદભવે છે. શહેરના સેકટર ૨૪, સે-૩ સે-૨૫ સે-૨૮ સહીતના સેકટરોમા ંપાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો વિશેષ છે. જયારે શહેરના સેકટરો ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં પણ પાણીની ગુણવત્તા સામે પ્રશ્ન ઉઠવા પામ્યો છે. આદિવાડા વિસ્તારમાં પણ પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદોથી ગ્રામજનો ત્રસ્ત છે. શહેરના સેકટરોમાં પાણી સપ્લાય થતા પાણી પુરવઠા સામે હાલ તેની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. ત્યારે તંત્રના જણાંવ્યા મુજબ પાણીપીવાલાયક છે. આગામી ૧૫ દિવસ હજુ ડહોળા પાણીની સમસ્યા રહેશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

વિધાનસભાનુ પાંચ દિવસની ટુંકુ ચોમાસુ સત્ર શરૂ થઈ ચૂક્યું છે. વિધાનસભા શરૂ થઈ તેના બે-ત્રણ દિવસથી તમામ ધારાસભ્યો અને સ્ટાફના રેપીટ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. વિધાનસભાના પ્રારંભે ગેટ પાસે સેનેટાઈઝર કે ટેમ્પરેચર ગન જેવા સાધનો જોવા ન મળ્યા. વિધાનસભામાં પ્રવેશનાર તમામનો કોરોના રીપોર્ટ ચેક કરી તેમને અંદર પ્રવેશ અપાયો હતો.

જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવ સંક્રમિત થતાં પંચાયત સંકુલમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવનો આજે કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં પંચાયત સંકુલમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

તાવ અને શરદીની સામાન્ય તકલીફ જણાતાં તેમણે આજે સુઘડ પ્રા.આ. કેન્દ્રની ટીમ પાસે એન્ટીજન ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તેઓનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જ તાત્કાલિક હોમ ક્વોરોન્ટાઈન થયા હતા.

માણસા ખાતે તેમણે 'ખેડૂત કલ્યાણના સાત પગલાં' યોજના અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા માટે માણસા ખાતે ભારે જહેમત પણ ઉઠાવી હતી.

જાદવનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આજે બપોરે તેમની પંચાયત ખાતેની કચેરીને સેનીટાઈઝ પણ કરાઈ હતી. જિલ્લા પંચાયતમાં અગાઉ આરોગ્ય વિભાગ, મહેકમ શાખામાં કોરોના પોઝીટીવના કેસ આવ્યા હતા. આજે જાદવનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જ પંચાયત સંકુલમાં સન્નાટો છવાઈ ગયો હતો.

રાજ્યમાં તમામ રસ્તાઓ દિવાળી સુધી પહેલા જેવા થશે

રાષ્ટ્રીય ધોરીમાર્ગોને નુકશાન થયું છે, તે કામોના સરવેની કામગીરી કેન્દ્ર સરકારના સહયોગમાં પૂર્ણ કરવામાં આવી

ગાંધીનગર,તા.૨૧

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ હતું કે, રાજ્યમાં થયેલ ભારે વરસાદને કારણે જે રસ્તાઓને નુકસાન થયું છે તે તમામ રસ્તાઓ નવરાત્રિથી દિવાળી સુધીમાં પહેલા જેવા થઇ જશે. આજે વિધાનસભા ખાતે નવસારી જિલ્લામાં વરસાદથી રસ્તાઓને નુકસાન સંદર્ભના ટૂંકી મુદતના પ્રશ્નના પ્રત્યુત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, અમારી સરકાર પારદર્શી અને ૬.૫ કરોડની ગુજરાતની જનતાનું પ્રતિનિધિત્વ કરતી સરકાર છે ત્યારે રાજ્યના નાગરિકોને સારી સુવિધા પૂરી પાડવી એ અમારી નૈતિક ફરજ છે. તેમણે ઉમેર્યું કે રાજ્યમાં ૧૨૫ ટકાથી વધુ વરસાદ થયો છે. જેના પરિણામે રાજ્યના રસ્તાઓને નુકસાન થયું છે. જેવો ઉઘાડ નીકળશે એટલે તુર્તજ રસ્તાના પેચવર્ક, ડામર કામ સહિતનાં કામો હાથ ધરવામાં આવશે અને જે વિસ્તારોમાં ઉઘાડ નીકળ્યો છે, ત્યાં તો કામો શરૂ પણ કરી દેવાયાં છે. એ જ રીતે રાષ્ટ્રીય ધોરીમાર્ગોને પણ નુકશાન થયું છે. તે કામોનો સરવેની કામગીરી કેન્દ્ર સરકારના સહયોગમાં રહીને પૂર્ણ થઇ છે અને આ કામો પણ સત્વરે શરૂ કરી દેવામાં આવે છે. પટેલે કહ્યું કે, રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે શ્રમિકોની અછત હોવાના લીધે પણ કામો શરૂ કરવામાં વિલંબ થઇ રહ્યો છે. એ જ રીતે આજ સુધી પણ રાજ્યના અમુક વિસ્તારોમાં વરસાદ ચાલુ છે. એટલે જેવો વરસાદ રોકાશે કે તુર્તજ માર્ગોના મરામતના કામો સત્વરે હાથ ધરાશે. તબક્કાવાર તમામ કામો પૂર્ણ કરવાનું અમારૂ આયોજન છે. તેમણે કહ્યું કે, માર્ગોનાં કામો ગુણવત્તાલક્ષી થાય એ માટે પણ તંત્ર દ્વારા પૂરેપૂરી ચકાસણી થાય છે.

ધારાસભ્ય સહિત શહેરમાં ૧૯ સંક્રમિત

શહેરના તમામ વિસ્તારોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી : આજે સે. ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૧૪, ૧૭, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૯ અને સે. ૩૦ માંથી કેસો મળી આવ્યા : સે. ૫ માંથી ૩, સે. ૨ માંથી ૩ અને સે. ૬ માંથી પણ બે કેસ મળ્યા : નવા સેક્ટરોમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર દ્વારા હવે આકરા પગલાંના સંકેતો મળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આજે એક ધારાસભ્ય સહિત કુલ ૧૯ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. શહેરમાં વધતા જતા સંક્રમણના કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે કોરોનામાં ખાનગી કંપનીના મેનેજર, મધુર ડેરીના માર્કેટીંગ યુનિટના કર્મયોગી, એપ ડેવલપર, વકીલ, અક્ષરધામના સુપરવાઈઝર, રાજભવનના કમાન્ડો, ઊર્જામંત્રીના સારથી, મીકેનીકલ ઈજનેર સહિતના લોકો કોરોનામાં ઝડપાયા છે.

આજે શહેરના લગભગ તમામ વિસ્તારોમાંથી કોરોનાના કેસો મળી આવતાં તંત્રની ચિંતા વધવા પામી છે. હોમ આઈસોલેશનમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે.

આજે સે. ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૧૪, ૧૭, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૯ અને સે. ૩૦ માંથી કેસો મળી આવ્યા છે. સે. ૫ માંથી ૩, સે. ૨ માંથી ૩ અને સે. ૬ માંથી પણ બે કેસ મળ્યા છે. નવા સેક્ટરોમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર દ્વારા હવે આકરા પગલાંના સંકેતો મળી રહ્યા છે.

તંત્રએ આજે પણ વયસ્કોને જરૂર ના હોય તો ઘરની બહાર ન નીકળવા માટેની અપીલને દોહરાવી છે.

ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા અને સે. ૧૪ માં રહેતા ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૭ માંથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

મધુર ડેરીના માર્કેટીંગ ડિવીઝનમાં નોકરી કરતા અને સે. ૨૫ માં રહેતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી આજે ૨ કેસ મળી આવ્યા છે. સે. ૬ માં કોરોના ઉપરાંત ચિકનગુનિયાના કેસો પણ મળ્યા હોવાથી તંત્રની ચિંતા બેવડાઈ છે.

સે. ૬ માંથી ૨૫ વર્ષીય એપડવલપરનો રિપોર્ડ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ગૌશાળાની સહાયતા માટે ૧૦૦ કરોડની નવી યોજના

બનાસકાંઠાની ગૌશાળાઓને ૧૬ કરોડ ચૂકવાશે : રાજ્યની તમામ રજિસ્ટર્ડ ગૌશાળા પાંજરાપોળોના પશુઓ માટે પ્રતિદિન પશુદીઠ રૂપિયા ૨૫ લેખે સહાય અપાશે

ગાંધીનગર,તા.૨૧

ગૌ સંવર્ધન મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, જીવદયાપ્રેમી અમારી સરકારને જેને ગાય માટે પ્રેમ નથી અમને એમની સાથે પ્રેમ નથી. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી રાજ્યની સંવેદનશીલ સરકારે ગૌશાળા પાંજરાપોળોને સહાયરૂપ થવા માટે ૧૦૦ કરોડની નવી યોજના જાહેર કરી છે. આજે વિધાનસભા ખાતે ઉત્તર ગુજરાતમાં ગાયોને રસ્તા પર છોડી દેવા બાબતના ટૂંકી મુદતના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી ચુડાસમાએ કહ્યું કે, રાજ્યની રજિસ્ટર્ડ ગૌશાળાઓ-પાંજરાપોળોમાં માળખાગત સવલતોના નિર્માણ માટે આ ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. પાંજરાપોળના સંચાલકોને એક ગાય કે પશુદીઠ ઘાસચારા સહાય આપવા બાબતે કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીમાં પશુઓ પ્રત્યે જીવદયાની ભાવના રાખીને રાજ્યની તમામ રજિસ્ટર્ડ ગૌશાળા-પાંજરાપોળોના પશુઓ માટે પ્રતિદિન પશુદીઠ રૂ.૨૫ લેખે એપ્રિલ-મે-૨૦૨૦ દરમિયાન ૬૧.૧૪ કરોડની સહાય ચૂકવાઈ છે. જે પૈકી બનાસકાંઠાની ગૌશાળા-પાંજરાપોળોને ૧૦.૭૨ કરોડની સહાય ચૂકવાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ૪૫૬ જોખમી વૃક્ષોની કટોતી

સેકટરોમાં ઉભા સુકા અને નમી ગયેલા અત્યંત જોખમી હોય તેવા વૃક્ષો દુર કરાયા : વરસાદી દિવસો દરમિયાન ૧૩૦ વૃક્ષો જમીનદોસ્ત થયા જયારે વિકાસના કામો અન્વયે ૪૯૮ વૃક્ષોની કટોતી

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન અત્યાર સુધી ૧૩૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા છે. જયારે વિકાસના અનેકવિધ કામો વચ્ચે ૪૯૮ જેટલા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી છે. વરસાદી દિવસો દરમિયાન શહેરમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે જયારે ૪૫૬ જેટલા ઉભા સુકા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી છે. શહેરમાં ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે ત્યારે વનતંત્ર દ્વારા સમયાંતરે આ મામલે સર્વે હાથ ધરીને જોખમી વૃક્ષોની કટોતી પણ કરવામાં આવે છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ઉપલબ્ધ ખાલી જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે વન મહાત્સવ અન્વયે પણ શહેર તેમજ જિલ્લામાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન તોફાની વરસાદના સંજોગોમાં પણ વૃક્ષો જમીનદોસ્ત થતા હોવાના કીસ્સાઓ ધ્યાને આવે છે. શહેરમાં ચોમાસા દરમિયાન અત્યાર સુધી ૧૩૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ પણ તંત્રના ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત વિકાસના અનેક વિધ કામો દરમિયાન પણ ૪૯૮ વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. હરિયાળા નગરમાં વિકાસના નવા આયામો વચ્ચે હરિયાળીનો સોથ વળી રહ્યો છે. જેમાં માર્ગ વાઈડનીંગ સહીત નવા બિલ્ડીંગો પણ અસ્તિત્વમાં આવતા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. આ ઉપરાંત શહેરમાં વર્ષો જુના વૃક્ષો પૈકી કેટલાક ભયજનક હાલતમાં પણ જોવા મળી રહ્યા છે. નગરના સેકટરોમાં મુખ્યમાર્ગો સહીત આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોની સંખ્યા વિશેષ છે જયારે સેકટરોમાં પણ ઉભા સુકા વૃક્ષોનુ પ્રમાણ વિશેષ છે. વનતંત્ર દ્વારા સમયાંતરે આ પ્રકારના ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. જયારે આ મામલે વૃક્ષોનુ પણ માર્કીંગ કરવામાં આવે છે. અગાઉ પણ આ અન્વયે તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે શહેરમાં ઉભા સુકા વૃક્ષો કાપવામાં આવ્યા હતા અગાઉ સુકા અને જોખમી વૃક્ષો જમીનદોસ્ત થવાના લીધે જાનલેવા અકસ્માત થયા હોવાના પણ કિસ્સા ધ્યાને આવ્યા હતા. વનતંત્રના જણાંવ્યા મુજબ શહેરમાં હાલની સ્થિતિએ ૪૫૬ જેટલા ભયજનક વૃક્ષો દુર કરાયા છે. વનતંત્રના જણાંવ્યા મુજબ છેલ્લા બે મહીનામાં ૪૫૬ વૃક્ષોની વનતંત્ર દ્વારા કટોતી કરવામાં આવી છે.

કોરોનાકાળમાં વિધાનસભાનુ ટૂંકુ સત્ર અપેક્ષા મુજબ જ ભારે ઉહાપોહ સાથે શરૂ થયુ છે. કોરોના સામે સરકારની નિષ્ફળતા દર્શાવવા કોંગ્રેસના ધારાસભ્યો ઉત્સુક છે તો સામે પક્ષે શાસકપક્ષ સરકારની સિદ્ધિઓ દર્શાવવા અને બચાવ કરવાની તમામ તૈયારીઓ કરી રહ્યુ છે. જમાલપુર-ખાડીયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા 'કોરોના સામે નિષ્ફળ સરકાર પ્રજાને માટે દંડનો માર...'' એ પ્રકારનુ લખાણ લખેલુ બેનર લઈને વિધાનસભામાં પ્રવેશ્યા હતા.

જિલ્લામાં કોરોનાના ૨૨ નવા કેસ

ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૩, માણસામાં ૨, દહેગામમાં ૨ કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૨ કેસ કોરોનાના મળી આવતાં તંત્રની ચિંતા વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાંથી ૧૫, દહેગામમાંથી બે, માણસામાંથી બે અને કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૧૫ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. જેમાં ૨૩ વર્ષીય, ૪૬ વર્ષીય, ૨૩ વર્ષીય, ૩૮ વર્ષીય જવાનના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

ખોરજમાંથી ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાંથી ૫૨ વર્ષીય પુરૂષ, મોટી શિહોલીમાંથી ૩૯ વર્ષીય યુવાન, ઝુંડાલમાંથી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૪૬ વર્ષીય વેપારી, ૩૪ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાયસણમાંથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજ ગામેથી એક ૬૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે બે કેસ મળ્યા છે. દહેગામ અર્બનમાંથી ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો નાંદોલ ગામેથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

માણસા તાલુકામાંથી આજે બે કેસ મળ્યા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. માણસા અર્બનમાંથી ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. લોદરા ગામેથી ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ છત્રાલ ગામેથી ૬૫ વર્ષીય મહિલાનો નોંધાયો છે. કાંઠા ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રની યાદીમાં જણાવાયા મુજબ આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૧૭૨૬ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૧૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૮૩૬ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

પંચાયતના નવા સીમાંકન અંગે આજે રાજકીય પરામર્શ બેઠક વર્ચ્યુઅલ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા-તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગે આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા માન્ય રાજકીય પક્ષોના આગેવાનો સાથે પરામર્શ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની બે બેઠકો રદ થઈ છે અને હવે ૨૮ બેઠકો નિયત થતાં નવેસરથી સીમાંકન કરાયુ છે. આદરજમોટી તેમજ કુડાસણની બેઠકો રદ થઈ છે. ઝુંડાલ અને વાવોલના ગામો અન્ય બેઠકો સાથે ભેળવવામાં આવ્યા છે. ગાંધીનગર તાલુકાની જિલ્લા પંચાયતમાં હવે ૮ બેઠકો થાય છે જે અગાઉ ૧૦ હતી.

ગાંધીનગર શહેરની હદમાં વધારો કરાતાં આ ફેરફારો થયા છે. નવા સીમાંકનમાં કલોલ અને માણસાની બેઠકમાં પણ વધારો થયો છે.

આજે સવારે ૧૧ વાગે વર્ચ્યુઅલ બેઠક રાજ્ય ચૂંટણી પંચના કમિશનર સંજયપ્રસાદ, ચૂંટણી પંચના સચિવ મહેશભાઈ જોશી, આસિ. કમિશનર નિનામા, ચૂંટણી પંચની કચેરીએથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ બેઠકમાં હાજરી આપશે.

જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય અને માન્ય રાજકીય પક્ષોના આગેવાનો કલેક્ટર કચેરીએથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે.

મળતી વિગતો પ્રમાણે ૩૨ થી વધુ રજુઆતો નવા સીમાંકન અંગેની મળી હોવાથી પંચે માન્ય રાજકીય પક્ષોના આગેવાનો સાથે આ પરામર્શ બેઠક રાખી છે.

સીમાંકન અંગેનું પ્રાથમિક જાહેરનામુ તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યુ હતુ. હવે જાહેરનામુ આખરી કરતાં પૂર્વે આવી પરામર્શ બેઠક યોજી પક્ષોની રજુઆત સાંભળવાની કાનૂની પ્રક્રિયા છે.

આ રજુઆતો સાંભળ્યા બાદ પંચની બેઠકમાં તે અંગે આખરી નિર્ણય લેવામાં આવશે અને તે પછી આખરી જાહેરનામુ પ્રસિદ્ધ થશે.

● અનુસંધાન પાન-૭ પર

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com